બનાસકાંઠા - સાબરકાંઠા - અરવલ્લીમાં સજ્જડ બંધ

(તસવીર : જય અમીન, મોડાસા)

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પ્રાંતિજમાં વેપારીઓ દ્વારા સ્વયંભૂ બંધ પાડ્યું : મોડાસામાં પાટીદારોનો બંધ હિંસક બન્યો : ૩ ટીયરગેસના સેલ છોડાયા : પોલીસ પર પથ્થરમારો કરાયો અને ગાડીના કાચ તોડી નંખાયા : ભિલોડામાં વેપારીઓએ સ્વયંભુ કયાંક દુકાનો બંધ રાખી તો ક્યાંક અમુક વેપારીઓએ ધંધા-રોજગાર ધમધમતા રાખ્યા હતા : માર્ગો સુમસામ ભાસતા હતા : ડીસામાં પાટીદારોની સભા-રેલી : નાયબ કલેક્ટરને આપ્યું આવેદનપત્ર : ખેડબ્રહ્મામાં પાટીદારોની રેલી : બજાર બંધ કરાવ્યા

મોડાસામાં પોલીસ પર પથ્થરમારો કરાતા ટીયર ગેસના ૬ સેલ છોડાયા : લાઠીચાર્જ કરાયો : ચારની અટકાયત

અરવલ્લી જીલ્લાને પાટીદારોએ બાનમાં લીધુ હતુ. ત્યારે મોડાસા ખાતે પાટીદારો ઉગ્ર બન્યા હતા અને ભાજપ કાર્યાલય પર તોડફોડ કરી બોર્ડ સળગાવામાં આવ્યા હતા તેમજ નાગરીક બેક પર પથ્થરમારો કરી બારીના કાચ તોડી નાખવામાં આવ્યા હતા અને પોલીસની ગાડીને પણ નીશાન બનાવામાં આવી હતી અને પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. છેવટે શાંત રહેલી પોલીસને ઉગ્ર સ્વરૂપ ધારણ કરી પાટીદારોને દોડાવી દોડાવી ટોળાને વિખેરી નાખવામાં આવ્યુ હતુ. લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો અને ટીયરગેસના ૬ સેલ પણ છોડવામાં આવ્યા હતા. ચાર લોકોની અટકાયત કરવામાં આવી હતી. **(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ,)**

બનાસકાંઠા, સાબરકાંઠા, તા. ૨૬

ઉત્તર ગુજરાતના મહત્ત્વના જિલ્લાઓ અરવલ્લી, મહેસાણા, પાલનપુર, પાટણ, ડીસા, ખેડબ્રહ્મા, બાયડ, મોડાસા, હિંમતનગર, પ્રાંતિજ, વડાલી, ધનસુરા, ઊંઝા, વિસનગર, ધાનેરા સહિતના વિસ્તારોમાં આજે લોકોએ સ્વયંભૂ બંધ પાળી અને પાટીદાર અનામત આંદોલન પછી ભડકેલી હિંસા સામે પડઘો પાડ્યો હતો.

૬ જુલાઈના રોજ મહેસાણા ખાતેથી શરૂ થયેલી પાટીદાર અનામતની આગ સમગ્ર ગુજરાત રાજયમાં ફેલાઈ ચુકી હતી. હજારો રેલીઓ જીલ્લા અને તાલુકાઓમાં યોજાયા બાદ અમદાવાદ ખાતે આવેલ જીએમડીસી ગ્રાઉન્ડમાં પાટીદાર અનામત સમિતિ આંદોલનના કન્વીનર હાર્દિક પટેલ ધ્વારા એક ક્રાતી રેલી અને સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ત્યારે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે સ્વયંભુ પાટીદાર આંદોલનકારીઓ ઉમટી પડયા હતા. જયારે સભામાં હાર્દીક પટેલ ધ્વારા તેજાબી ભાષણ આપવામાં આવ્યુ હતુ અને કલેકટરને આવેદનપત્ર ગ્રાઉન્ડ પર સામેથી લેવા આવ્યા છતાં ન આપીને ઉપવાસ કરવાની જાહેરાત કરી હતી અને ૪૮ કલાકનુ સરકારને અલ્ટીમેટમ આપ્યુ હતુ કે મુખ્યમંતરી આનંદીબેન પટેલ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આવીને આવેદનપત્ર સ્વિકારે તેવી માંગ કરવામાં આવી હતી ત્યારબાદ કાર્યકરોનો ઉત્સાહ જોઈને રેલી યોજવામાં આવી હતી.

પરંતુ છેલ્લા કેટલાય દિવસોથી પાટીદારો ધ્વારા ગાંધી ચીધ્યા માર્ગે અહિસંક આંદોલન ચાલતુ હતુ ત્યારે ગઈકાલની રેલીમાં કેટલાક અસામાજીક તત્ત્વો ઘુસી જતા અમદાવામાં કેટલીક જગ્યાએ તોડફોડ કરી હતી અને દુકાનો તોડફોડ કરી હતી અને મીડીયાકર્મીઓ પર હુમલો કરી વાતાવરણને ડહોળી નાખ્યુ હતુ. ત્યારબાદ સાંજે આવેદનપત્ર આપ્યા પછી હાર્દીક પટેલ ફરીથી ઉપવાસ પર જઈને બેઠો હતો. પરંતુ સાંજે ૫ વાગ્યા સુધી પોલીસે મંજુરી સભાની આપેલી હતી અને ઉપવાસની કોઈ મંજુરી નહોતી જેને પગલે પોલીસે ગ્રાઉન્ડ ખાલી કરાવા માટે લાઠીચાર્જ કર્યો હતો અને વાહનોના કાચના ફુરચા ફુરચા ઉડાડી દીધા હતા અને અનામત આંદોલન સમીતીના કન્વીનર હાર્દીક પટેલની ધરપકડ કરવામાં આવી હતી તેમજ પોલીસ ધ્વારા હીટલરશાહી કરી મીડીયાકર્મીઓને નિશાન બનાવાવમાં આવ્યા હતા અને તેમની ગાડીઓ અને તેમના પર પણ હુમલો કરવામાં આવ્યો હતો.

બીજી બાજુ ગુજરાતમાં હાર્દીક પટેલના ટેકેદારોને હાર્દીક પટેલની ધરપકડ કરવામાં આવી છે તેવા સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર ગુજરાત રાજયમાં પાટીદારો હિસંક બન્યા હતા અને ઠેર ઠેર બસો સળગાવાયી હતી તેમજ સરકારી મીલકતોને આગ લગાડી દેવામાં આવી હતી તેમજ મહેસાણા ખાતે ૧૦ વાગ્યાની આસપાસ પાટીદાર સમીતીના હાર્દીક પટેલે ગુજરાત બંધનુ એલાન આપવામાં આવ્યુ હતું.

ત્યારે આજે વહેલી સવારથી જ અરવલ્લી જીલ્લાના બાયડ, મોડાસા, માલપુર, મેઘરજ અને હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ.ટી.ડેપોમાં તમામ એસ.ટી.બસ સેવાના રૂટો વહેલી સવારે એકા-એક રદ કરાતા મુસાફરો ભારે મુઝવણમાં મુંકાયા હતા. ભિલોડામાં પ્રાઈવેટ વાહન ચાલકો મુસાફરો પાસેથી મન ફાવે તેમ ભાડા વસુલ કરતા હતા. પ્રાઈવેટ વાહન ચાલકોને ઘી-કેળા થઈ ગયા હતા પરંતુ ભિલોડા એસ.ટી.ડેપોની અંદાજીત આવક રૂા.૩,૦૦,૦૦૦/- થી વધુનું નુકશાન થયેલ હોવાનું આધારભુત સુત્રો ધ્વારા લોકમુખે જાણવા મળેલ છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં પાટીદાર અનામત આંદોલનના સમર્થનમાં બજારોમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.વેપારીઓએ સ્વયંભુ કયાંક દુકાનો બંધ રાખી તો ક્યાંક અમુક વેપારીઓએ ધંધા-રોજગાર ધમધમતા રાખ્યા હતા પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે લાખ્ખો કરોડો રૂપિયાના ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા હતા.ભિલોડા તાલુકા મથકના હાર્દસમા સતત ધમધમતા બજારો આજે સુમસામ ભાસતા હતા.

ભિલોડા-ઈડર-શામળાજી-મોડાસા-ગાંભોઈ-હિંમતનગર સહિત વિવિધ વિસ્તારોના સતત વાહનોની અવર-જવરથી ધમધમતા માર્ગો આજે વહેલી સવારથી જ સુમસામ ભાસતા હતા. માર્ગો ઉપર જાણે કે કરફ્યું લાગ્યો હોય તેવો માહોલ વહેલી સવારથી સર્જાયો હતો. ભિલોડા તાલુકા મથક ખાતેના બજારોમાં વેપારીઓને દુકાનો બંધ રાખવા પાટીદાર સમાજના નવયુવાનો અપીલ કરતા હતા ત્યારે કયાંક દુકાનો બંધ રાખી તો ક્યાંક અમુક વેપારીઓએ ધંધા-રોજગાર ધમધમતા રાખ્યા હતા.

હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ.ટી.ડેપોમાં તમામ એસ.ટી.બસ સેવાના રૂટો વહેલી સવારે એકા-એક રદ કરાતા મુસાફરો ભારે મુઝવણમાં મુંકાયા હતા. ભિલોડામાં પ્રાઈવેટ વાહન ચાલકો મુસાફરો પાસેથી મન ફાવે તેમ ભાડા વસુલ કરતા હતા. પ્રાઈવેટ વાહન ચાલકોને ઘી-કેળા થઈ ગયા હતા પરંતુ ભિલોડા એસ.ટી.ડેપોની અંદાજીત આવક રૂા.૩,૦૦,૦૦૦/- થી વધુનું નુકશાન થયેલ હોવાનું આધારભુત સુત્રો ધ્વારા લોકમુખે જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકામાં શાળા,કોલેજો સંપુર્ણ બંધ રહેતા શૈક્ષણિક કાર્ય સંપુર્ણ ઠપ્પ થઈ ગયું હતું. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાંથી શાળા-કોલેજોમાં ભણવા આવેલા વિદ્યાર્થીઓ મહામુસીબતે ગ્રામ્યવિસ્તારોમાં પરત ફર્યા હતા.ભિલોડા એસ.જે.મોદી, ભિલોડા પી.એસ.આઈ. ધ્વારા ઠેર-ઠેર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. ભિલોડા તાલુકા મથક સહિત ગ્રામ્ય વિસ્તારોમાં એકદંરે શાંતીભર્યો માહોલ ઠેર-ઠેર જળવાયો હતો.

ગુજરાતમાં ૨૫ ઓગષ્ટે અમદાવાદ ખાતે યોજાયેલ પાટીદાર અનામત રેલી અને તે બાદ સમગ્ર રાજ્યમાં સર્જાયેલી અશાંતિ અને કેટલાક શહેરોમાં કરફ્યુ અને વણસેલી પરિસ્થિતિ વચ્ચે ડીસા મહદ્અંશે શાંત રહ્યું છે. જેમાં આજરોજ પાટીદારોએ શાંતિની અપીલ સાથે સભા રાખી રેલી કાઢી ડીસાના નાયબ કલેક્ટરને પાટીદારો પર પોલીસ દમનની તપાસની માંગ સાથે આવેદનપત્ર આપ્યુ હતું. બનાસકાંઠાના પાલનપુર મુખ્યાલય સિવાય જિલ્લામાં પાટીદાર અનામત આંદોલન બાદની વણસેલી પરિસ્થિતિમાં સમગ્ર જિલ્લામાં શાંતિ રહેલી છે જેમાં આજરોજ ડીસામાં પાટીદાર આગેવાનો દ્વારા સાઈબાબા મંદિર સર્કલમાં એક સભા રાખી હતી અને આગેવાનોએ આંદોલન અહીંસક રીતે આગળ ધપાવવા અને ચાલુ રાખવા અપીલ કરી હતી જે બાદ પાટીદારોએ રેલી કાઢી હતી અને પાટીદાર સમાજ પ્રમુખ રામજીભાઈ પટેલ અને આગેવાનોએ ડીસાના નાયબ કલેક્ટર ડૉ. દિગંત બ્રહ્મભટ્ટને આવેદનપત્ર આપ્યું હતું. જ્યારે પાટીદાર હાર્દિક પટેલ દ્વારા આજે અપાયેલા ગુજરાત બંધના એલાનને ડીસાના વહેપારીઓએ ટેકો આપેલ

● અનુસંધાન પાના - ૭ પર

હિંમતનગરમાં સહકારીજીન વિસ્તારમાં પથ્થરમારો

હિંમતનગર, તા. ૨૬

પાટીદાર આંદોલનના પગલે સાબરકાંઠા જિલ્લાના પાટનગર એવા હિંમતનગર શહેરમાં બુધવારે સવારથી જ જનતા કરફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો. શહેરના સહકારીજીન વિસ્તારમાં તોફાની ટોળાએ પથ્થરમારો કરતા પોલીસે હળવો લાઠીચાર્જ કરી ૧૫ રાઉન્ડ ટીયરગેસના સેલ છોડ્યા હતા. દિવસ દરમિયાન શાળા, કોલેજ, માર્કેટયાર્ડ, બેંકો તથા શાકભાજી સહિતની દુકાનો બંધ રહેતા માર્ગો સૂમસામ બન્યા હતા. તો હિંમતનગર એસ.ટી. ડીવીઝનની ૨ હજારથી વધુ બસોના ટ્રીપ રદ કરવામાં આવતા મુસાફરો રઝળી પડ્યા હતા.

અમદાવાદના જી.એમ.ડી.સી. મેદાન પર પોલીસે પાટીદાર આંદોલનકારીઓ પર ગુજારેલા અત્યાચારના પગલે સમગ્ર ગુજરાતમાં હિંસક ઘટનાઓ બનતા સરકારની ઊંઘ હરામ થઈ ગઈ છે. હિંમતનગરમાં સહકારીજીન રોડ પર ગઈકાલ રાત બાદ બુધવારે પણ વહેલી સવારથી જ મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા એકઠા થતાં તંગદિલીભર્યુ વાતાવરણ સર્જાયું હતું અને ટોળા દ્વારા પથ્થરમારો કરાતા પોલીસવડા પી.એલ. માલ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સહકારીજીન વિસ્તારમાં એકઠા થયેલા ટોળાને વિખેરવા માટે પોલીસે હળવો લાઠીચાર્જ કરી ૧૫ ટીયરગેસના સેલ છોડતા નાસભાગ મચી ગઈ હતી. જોકે ચુસ્ત પોલીસ બંદોબસ્તના કારણે અન્ય કોઈ અનિચ્છનીય ઘટના બની ન હતી. હિંમતનગરના મોતીપુરા, મહાવીરનગર, જુના બજાર ટાવર ચોક, ન્યાયમંદિર સહિતના વિસ્તારોમાં આવેલી દુકાનો બંધ રહેતા રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા.

હિંમતનગરના એસ.ટી. વિભાગના નિયામક જી.ઓ. શાહે જણાવ્યું હતું કે પાટીદાર અનામત આંદોલનના પગલે સમગ્ર ગુજરાતમાં હિંસક ઘટનાઓ બનતા એસ.ટી. તંત્રની બસોને પણ વ્યાપક નુકશાન થયું છે. હિંમતનગર એસ.ટી. વિભાગની ૯ બસો અન્ય જિલ્લામાં જતી હતી, જેને તોફાની ટોળાએ નિશાન બનાવી કાચ તોડી બસોને સળગાવાનો પ્રયાસ કરાયો છે. હિંમતનગર ડીવીઝનની મહેસાણા, બાયડ બસ રામપુર ચોકડી નજીક સવારે ૭.૩૦ કલાકે પસાર થતી હતી. જેને તોફાની ટોળાએ નિશાન બનાવી મહેસાણા-બાયડ બસના કાચ તોડીને ટાયરની હવા કાઢી નાખતા મુસાફરો રઝળી પડ્યા હતા.

પાલનપુરના ગઢમાં પોલીસ ગોળીબારમાં બેના મોત

પાલનપુર નજીક આવેલા ગઢ ગામમાં પાટીદારોની જન સંખ્યા વધુ પ્રમાણમાં હોઈ આજે બંધના સંદર્ભે સલ્લા સહિત આજુબાજુના ગામડાઓના લોકો ગઢ પહોંચી જય સરદાર પાટીદાર એકતા ઝિંદાબાદના નારા લગાવ્યા હતા. દરમિયાન ટોળાશાહીમાંથી કોઈએ કાંકરી ચાળો કરી ગઢ પોલીસ મથક પર હુમલો કરી આંગ ચાંપવાનો પ્રયાસ કરતાં પોલીસ મથકમાં હાજર પોલીસ સ્ટાફે સ્વ બચાવમાં લાઠીચાર્જ, ટીયરગેસનો ઉપયોગ કર્યા બાદ પરિસ્થિતિ કાબૂમાં ન આવતાં ૧૦ રાઉન્ડ ગોળીબાર કરતાં વેડંચાના મહેશ સોમાભાઈ ફોસી (પટેલ) (ઉ.૨૩) અને ગઢના કનુભાઈ પટેલને ગોળી વાગતા ૧૦૮ દ્વારા પાલનપુર સિવિલમાં લાવતા તેને મૃત જાહેર કરાયા હતા અને એક પો.સબ. ઈન્સ્પેક્ટર, ચાર પોલીસને ઈજાઓ પહોંચી છે. બે યુવાનોના પોલીસ ફાયરીંગમાં મોત થવાથી સમગ્ર ગઢ પંથકમાં પોલીસ પ્રત્યે ભારે રોષનો જ્વાળા મુખી ભભૂકી રહ્યો છે. ગઢમાં અચકોક્સ મુદ્દતનો કરફ્યુ છે. **(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**

પ્રાંતિજના રામપુરામાં હિંસક ટોળાએ આઈશરને આગ ચાંપી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તલોદ સાબરડેરી રોડ ઉપર આવેલ રામપુરા ચોકડી પાસે તોફાની ટોળાએ આઈશરને આગ ચાંપી હતી. જ્યારે મજરા ચોકડી પાસે પણ ટ્રકના ટાયરને આગ ચાંપવામાં આવી હતી. પ્રાંતિજ નજીક આવેલ સાબરડેરી તલોદ રોડ ઉપર રામપુરા ચોકડી પાસે તલોદ તરફ જઈ રહેલ આઈશરને તોફાની ટોળા દ્વારા આઈશરને ઉભી રાખી ડીઝલ ટેંકમાં ત્રિક્ષ્ણ હથિયાર વડે હોલ કરી આગ ચાંપવામાં આવી હતી. જ્યારે આગ જોત જોતામાં પકડાઈ હતી. જ્યારે આઈશર ચાલક જીવ બચાવીને ભાગ્યો હતો અને પ્રાંતિજ ફાયર ફાયટરને જાણ થતાં ઘટના સ્થળે ફાયર ફાયટર આવતા આગને હોલવવામાં આવી હતી અને પ્રાંતિજ પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. જ્યારે મજરા ચોકડી પાસે પણ ટ્રકના ટાયર સળગાવવામાં આવ્યા હતા. પણ પોલીસ પહોંચી જતા મામલો થાળે પડ્યો હતો. (તસવીર : સંજય રાવલ)

બંધના પગલે એસ.ટી.ના રૂટ બંધ કરાયા

ગઈકાલે સાજે પોલીસ ધ્વારા પાટીદાર અનામત આંદોલન સમિતીના કન્વીનર હાર્દિક પટેલની ધરપકડ કરવામાં આવી હતી. આ ધરપકડ બાદ સમગ્ર ગુજરાત ભડકે બળ્યુ હતુ અને લકો ધ્વારા મોટાભાગે બસોને નિશાન બનાવી સળગાવી દેવામાં આવી હતી અને આજે હાર્દિક પટેલ ધ્વારા ગુજરાત બંધનુ એલાન આપવામાં આવ્યુ હતુ. જેને પગલે મોડાસાની ૧૦૦ બસોના રૂટ અને બાયડ ડેપોની ૫૭ બસોના રૂટ બંધ રખાયા હતા. જેને લઈને મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા હતા. **(તસવીર : જય અમીન, મોડાસા)**